# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-07-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

*****************************************************

1) શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને રાજીનામું સોંપ્યું - સરકારે તમામ માંગણીઓ સ્વીકારતા CJP એ આંદોલન પાછું ખેંચ્યુ.

2) રાજ્યમાં આજે પણ મોટા ભાગના જિલ્લાઓમાં ભારે વરસાદ ચાલુ રહેતા જનજીવન અસ્તવ્યસ્ત - રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ.

3) કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલે નવસારી જિલ્લાના પૂરગ્રસ્તોને તાત્કાલિક સહાય ચૂકવવાની જાહેરાત કરી.

4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ - વિદેશના લોકો સાથે પોતાના વિચારોની આપ-લે કરશે.

5) ક્રિકેટમાં, ભારતે હરારેમાં રમાયેલી ત્રણ મેચની શ્રેણીની બીજી T20 એકદિવસીય મેચમાં ઝિમ્બાબ્વેને જીતવા માટે 220 રનનો લક્ષ્યાંક આપ્યો.

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PRADHAN RESIGN

શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પોતાનું રાજીનામું સોંપી દીધું છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી પ્રધાને જણાવ્યું કે છેલ્લા દસ દિવસથી વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન બાદ ઉદ્ભવેલી સ્થિતિથી તેઓ વ્યથિત છે અને આ તેમના માટે વ્યક્તિગત પ્રતિષ્ઠાનો વિષય નથી. તેમણે કહ્યું કે જંતર-મંતર અને સમગ્ર દેશમાં વર્તમાન સ્થિતિનો રાષ્ટ્રવિરોધી શક્તિઓ લાભ ન ઉઠાવી શકે અને કોઈ પણ વિદ્યાર્થીનું ભવિષ્ય કાનૂની ગૂંચવણોમાં ન અટવાય, તેથી તેમણે પ્રધાનમંત્રીને પોતાનું રાજીનામું સોંપવાનો નિર્ણય લીધો છે. શ્રી પ્રધાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન, વિશ્વાસ અને સતત સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે રાષ્ટ્ર સેવા તેમના જીવનની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને તેઓ તેના પ્રત્યે સદા સમર્પિત રહેશે.

શ્રી પ્રધાને ઉમેર્યું કે નીટ યુજી પરીક્ષામાં ગેરરીતિઓ બાદ, સરકારે તપાસ સીબીઆઈ ને સોંપી હતી અને પરીક્ષા રદ કરી હતી. સરકારે ફરીથી પરીક્ષા યોજવાની નવી તારીખની પણ જાહેરાત કરી. તેમણે વધુમાં જણાવ્યું કે સરકારે આવતા વર્ષથી આ પરીક્ષાને કમ્પ્યુટર આધારિત પરીક્ષા મોડમાં યોજવાનો નિર્ણય લીધો છે.

# REV EVE GOVT- CJP TALKS

સરકારે તમામ માંગણીઓ સ્વીકારી લીધા બાદ CJP એ પોતાનું આંદોલન પાછું ખેંચી લીધું છે. કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડા અને ડૉ. જીતેન્દ્ર સિંહે આજે CJP ના પ્રતિનિધિમંડળ સાથે પરીક્ષા પદ્ધતિમાં સુધારા અને પેપર લીક રોકવાના ઉપાયો પર ધ્યાન કેન્દ્રિત કરીને ત્રીજા તબક્કાની ચર્ચા કરી હતી. ત્યારબાદ નવી દિલ્હી ખાતે CJP પ્રતિનિધિમંડળ સાથે યોજાયેલી સંયુક્ત પત્રકાર પરિષદમાં શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે, બેઠક દરમિયાન સરકારે CJP ની એ માંગણીઓ સ્વીકારી લીધી છે.

CJP ના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસે આંદોલન પાછું ખેંચવાની જાહેરાત કરી હતી અને આશા વ્યક્ત કરી હતી કે નક્કી કરાયેલી શરતોનું પાલન નિશ્ચિત સમયમર્યાદાની અંદર કરવામાં આવશે.

# GUJARAT RAIN DISTRICTS- 1

રાજ્યભરમાં મોટા ભાગના જિલ્લાઓમાં ભારે વરસાદ ચાલુ રહેતા અને ઠેર-ઠેર પાણી ભરાતા જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી હાલમાં યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

રાજ્ય અધિકારીઓએ 40 હજારથી વધુ લોકોને સલામત સ્થળોએ ખસેડ્યા છે, જ્યારે બચાવ ટીમોએ છ હજાર 766 ફસાયેલા નાગરિકોને સુરક્ષિત સ્થાનો પર પહોંચાડ્યા છે. નવસારી, વલસાડ અને સુરત જિલ્લામાં મહત્તમ સ્થળાંતર જોવા મળ્યું છે. નવસારી, વલસાડ, સુરત અને અમદાવાદ સહિત સંવેદનશીલ જિલ્લાઓમાં કુલ 17 NDRF ટીમો, 32 SDRF પ્લાટૂન અને 6 આર્મી કોલમ તૈનાત કરવામાં આવી છે.

રાજ્યના જળાશયોમાં પાણીનો સંગ્રહ નોંધપાત્ર રીતે વધ્યો છે. સરદાર સરોવર નર્મદા ડેમ હાલમાં તેની કુલ ક્ષમતાના લગભગ 69 ટકા પાણી ભરાઈ ગયું છે જ્યારે 21 ડેમને હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે.

SEOC ગાંધીનગરના જણાવ્યા મુજબ સવારના 6 વાગ્યાથી સાંજના 4 વાગ્યા સુધી 195 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના કપરાડામાં 2.8 અને વાવ-થરાદ જિલ્લાના દિયોદર તેમજ વલસાડના નાના પૌંઢામાં 2-2 ઇંચ વરસાદ થયો છે જ્યારે નવસારીમાં 1.81 ઇંચ વરસાદ થયો છે. સૌથી ઓછો વરસાદ મોરબી અને હળવદમાં 1-1 મિલિમિટર નોંધાયો છે.

-------2---------

# GUJARAT RAIN DISTRICTS- 2

મહેસાણા જિલ્લાના ઉમિયા નગર વિસ્તારમાં સતત વરસાદને કારણે એક વૃક્ષ ધરાશાઈ થતા, એક મહિલાનું મુત્યું નીપજ્યું છે.

રાજકોટ જિલ્લામાં ગઈકાલે ભારે વરસાદમાં વીરપુર ખાતે એક કાર તણાઈ જવાના સમાચાર મળતા જેતપુર, ગોંડલ,અને જુનાગઢ ફાયર વિભાગ તેમજ SDRF ની ચાર ટીમો દ્વારા સઘન શોધખોળ હાથ ધરતા, વિરપુર પાસે તણાયેલી કાર અને કારચાલકનો મૃતદેહ થોરાળા ડેમમાંથી મળી આવતા અરેરાટી વ્યાપી હતી.

સુરત શહેર તથા ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના પગલે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાંથી આશરે 40થી 50 લોકોને રેસ્ક્યુ કરી, સણિયા હેમાદ ખાતે કાર્યરત રાહત શિબિરમાં ખસેડવામાં આવ્યા છે.

વલસાડ જિલ્લામાં સતત ત્રણ દિવસથી પડેલા ભારે વરસાદને કારણે અનેક માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા તેમજ ધરમપુર અને કપરાડા વિસ્તારમાં ભૂસ્ખલનના કારણે બંધ થયેલા 354 રસ્તાઓને 24 ઇમરજન્સી ટીમો દ્વારા 24 કલાક કામગીરી હાથ ધરીને વાહનવ્યવહાર માટે પૂર્વવત કરવામાં આવ્યા.

સુરેન્દ્રનગર જિલ્લામાં 100થી વધુ શ્રમિકો ધરાવતી 10 વિશેષ ટીમો દ્વારા અત્યાર સુધીમાં 20થી પણ વધુ મુખ્ય તથા અંતરિયાળ રસ્તાઓને તાત્કાલિક અસરથી મરામત કરી વાહન વ્યવહાર માટે ખુલ્લા મૂકવામાં આવ્યા.

ડાંગ જિલ્લામાં આજે સવારનાં 6 વાગ્યાથી લઈ સાંજના 4 વાગ્યા સુધી, છેલ્લા 10 કલાકમા સરેરાશ 24.67 મિલિમિટર વરસાદ નોંધાયો છે. વહીવટી તંત્ર દ્વારા 6 માર્ગો વાહન વ્યવહાર માટે ખુલ્લા મૂકવામાં આવ્યા.

# C. R. PATIL

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલે નવસારી જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. સ્થાનિક લોકો સાથે મળીને તાત્કાલિક સહાય ચૂકવવાની જાહેરાત કરી હતી.

**(BYTE : C. R. PATIL)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# KUTCH WEATHER

કચ્છ જિલ્લામાં આગામી 24 કલાકમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્રએ નાગરિકોએ નદી, નાળા, તળાવ, ડેમ સાઈટ કે અન્ય કોઈ પાણી ભરાતું હોય તેવા સ્થળો ન જવા વિનંતી કરી છે. આ બાબતે યોગ્ય તકેદારી રાખવા માટે જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસીયાએ અનુરોધ કર્યો છે.

**(BYTE : ANIL RANAVASIYA, COLLECTOR KUTCH)**

# STATE WEATHER

આગામી 24 કલાકમાં, અમદાવાદ સહિત અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. અમદાવાદ હવામાન વિભાગ કચેરીના નિયામક એ. કે. દાસે જણાવ્યુ છે કે, મધ્યપૂર્વ અને દક્ષિણ ગુજરાતમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

(BYTE : A. K. DAS, IMD DIRECTOR)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારોની આપ-લે કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 136મી કડી હશે. આ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝઓનએર મોબાઇલ એપ પર કરવામાં આવશે. તેનું સીધું પ્રસારણ આકાશવાણી, દૂરદર્શન, પ્રધાનમંત્રી કાર્યાલય અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યૂટ્યુબ ચેનલ પર પણ થશે. હિન્દી પ્રસારણ પછી તરત જ આકાશવાણી પ્રાદેશિક ભાષાઓમાં પણ આ કાર્યક્રમનું પ્રસારણ કરશે.

# MORABI

નર્મદાની મોરબી બ્રાન્ચ કેનાલ તૂટતા જિલ્લા કલેક્ટર સ્વપ્નીલ ખરેએ સ્થળની મુલાકાત દરમિયાન લાખો લીટર પાણીનો વેડફાટ થતો હોવાથી અધિકારીઓને સૂચના આપી મચ્છુ ડેમમાં પાણી પહોંચાડતી કેનાલને તાત્કાલિક રીપેર કરવાની સૂચના આપી હતી.

(BYTE: SWAPNIL KHARE, COLLECTOR MORABI)

# AHEMDABAD-RAIN WORK

અમદાવાદ જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ ધોળકા, બાવળા અને સાણંદમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી કરાઇ રહી છે, 108, SDRF, તેમજ પોલીસ અને વહીવટી તંત્રની ટીમો દ્વારા ત્રણેય તાલુકાઓમાં ફસાયેલા લોકોનું સતત રેસ્ક્યૂ કરવામાં આવી રહ્યું છે. ધોળકાની ધવલ સોસાયટીમાંથી અંદાજે 126 લોકો અને ત્રાસદ ગામમાંથી બોટ મારફતે 95 જેટલા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. તો 108ની ટીમે પૂરના પાણીમાંથી એક સગર્ભા મહિલાને સુરક્ષિત રીતે હોસ્પિટલ પહોંચાડ્યા હતા. બાવળા તાલુકાના બલદાણા ગામમાં SDRF અને સ્થાનિક પોલીસ દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરીને બોટ મારફતે પૂરના પાણીમાં ફસાયેલા અંદાજે 121 જેટલા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. આ સાથે એકમે ફ્યુઅલ સિસ્ટમ કંપનીના 35 કારીગરોનું સુરક્ષિત રેસ્ક્યૂ કરીને સલામત સ્થળે રહેવા-જમવાની વ્યવસ્થા કરાઈ.

તો સાણંદમાં પણ મશીનરીની મદદથી વરસાદી પાણીના નિકાલ અને વાહનવ્યવહાર પૂર્વવત કરવાની કામગીરીને  તેજ બનાવાઇ છે.

બાવળાના કાવળા ગામે SDRF અને તંત્ર દ્વારા બચાવ કામગીરી હાથ ધરીને 62 લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા.

# CRICKET IND VS ZIM

ક્રિકેટમાં, હરારેમાં રમાયેલી ત્રણ મેચની શ્રેણીની બીજી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ઝિમ્બાબ્વેએ ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. ભારતે યજમાન ઝિમ્બાબ્વે માટે 220 રનનો લક્ષ્યાંક આપ્યો છે. ભારતે ઇશાન કિશનના માત્ર 44 બોલમાં 81 રનની મદદથી નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 219 રન બનાવ્યા હતા. તિલક વર્માએ પણ 60 રન બનાવીને અણનમ રહ્યા હતા.

અમને મળેલા છેલ્લા અહેવાલ મુજબ ઝિમ્બાબ્વેએ 9 ઓવરમાં 5 વિકેટે 67 રન બનાવી લીધા હતા.